પત્રિકા
૧૭૧

# ચિરાગે હિદાયત

૧૦/૦૮/૧૮
૨૭ ઝીલ્કાદ

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૯ ઝિલ્કાદ/૧૨ ઓગષ્ટ : શહાદતે હઝરત ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)

૦૧ ઝીલ્હજ/૧૩ ઓગષ્ટ: હઝરત અલી(અ.સ.)ની શાદી જનાબે ફાતેમા(સ.અ.) સાથે

## હઝરત ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)

બાર ઈમામો(અ.મુ.સ.)ના જીવનચરિત્ર ઉપર નજર કરવામાં આવે તો નવમાં ઈમામ મોહમ્મદ તકી(અ.સ.) સૌથી ઓછી જિંદગી જીવ્યા છે. આપ(અ.સ.) માત્ર ૨૫ વર્ષ આ દુનિયામાં રહ્યા અને સૌથી નાની વયે આપ(અ.સ.)ની શહાદત થઈ.

આપ(અ.સ.)ની શહાદત માટે જુદી–જુદી રિવાયતો છે. તેમાંથી એક એવી છે કે આપ(અ.સ.)ને ઝેર ભેળવેલુ શરબત પીવડાવીને શહીદ કરવામાં આવ્યા હતા. બીજી એ છે કે ખાવામાં ઝેર આપવામાં આવ્યું હતું અને એક રિવાયતથી જાણવા મળે છે આપ(અ.સ.)ને ઝહર આપવાની વ્યવસ્થા આપ(અ.સ.)ની પત્ની ઉમ્મુલ ફઝલ કે જે મામુનની દીકરી હતી તેના દ્વારા કરવામાં આવી હતી.

જયારે આપ બગદાદમાં હતા તો મામુન એ વાત ઉપર ઘણો ભાર મુકતો કે આપ શાહી મહેલમાં રહે. પરંતુ આપ(અ.સ.)એ તે મંજુર ન કર્યુ અને એક ઘણા જ સાધારણ ઘરમાં રહેતા. જે ઉમ્મુલ ફઝલને પસંદ ન હતું અને તે હંમેશા તેનો વિરોધ કરતી. મોઅતસીમની બીબી પોતે કહે છે કે ઉમ્મુલ ફઝલ આપ(અ.સ.)ની સાથે કદી સારી રીતે વાત પણ ન કરતી અને હંમેશા મેણા મારતી હતી. છેવટે આપ(અ.સ.) તેનાથી કંટાળી ગયા અને થોડા સમય પછી જનાબે અમ્મારે યાસીરની ઔલાદમાંથી એક ઔરત સાથે આપ(અ.સ.)એ નિકાહ કરી લીધા. જેમનાથી આપણા દસમાં ઈમામ(અ.સ.)ની વિલાદત થઈ.

ઉમ્મુલ ફઝલ આપ(અ.સ.)ને પહેલા કરતા વધારે તકલીફ આપવા લાગી. ઈમામ(અ.સ.) તેનાથી ઘણાં જ નારાજ હતા. તેમ છતાં આપ(અ.સ.)એ તેણીને સીધા રસ્તા ઉપર લાવવા માટે ઘણાં પ્રયત્નો કર્યા હતા. પરંતુ ઉમ્મુલ ફઝલના

હૃદયમાં ઈર્ષાની આગ હતી જેનાથી તે ઈમામ(અ.સ.)ને શહીદ કરવા તૈયાર થઇ ગઇ.

આપણા નવમાં ઈમામ(અ.સ.)ને કાઝમૈનમાં ઈમામ મૂસાએ કાઝીમ(અ.સ.)ની બાજુમાં દફન કરવામાં આવ્યા છે અને આપ(અ.સ.) ઈમામ જવાદના નામે પ્રખ્યાત છે. આપના રોઝા ઉપર ઘણાં લોકોની હાજતો પુરી થાય છે.

* *આપ(અ.સ.)ની હદીસોઃ*

૧) ઝાલીમ, ઝાલીમની મદદ કરવાવાળો અને તેના ઝુલ્મ ઉપર રાજી થવાવાળો હકીકતમાં ઝાલીમનો ભાગીદાર અને મિત્ર છે.

૨) જે શખ્સ જ્ઞાન (જાણ્યા વગર, ઈલ્મ) વગર કોઈ કામ કરે છે તે કામ સુધરવાના બદલે બગડી જાય છે.

૩) ફુરસદ જુંટવાઇ જવાની વસ્તુ છે.

૪) જે વ્યક્તિ આખેરતને ચાહવાવાળી છે તેણે મુસીબતમાં સબર કરતા શીખવું જોઇએ.

૫) નેક માણસની ત્રણ ટેવો છે (૧) ફરજનું ભાન હોવું (૨) હરામ કાર્યોથી બચવું અને (૩) ગફલતથી જાગૃત રહેવું.

અઝીઝો! ફકત ૨૫ વર્ષની વયે શહાદતનો તસવ્વુર પણ દર્દનાક હોય છે. ખુદા ન કરે આજે અગર કોઈનો ૨૫ વર્ષનો જવાન આ દુનિયાથી ચાલ્યો જાય તો એ ઘરના લોકો તો ગમગીન હશે જ પણ સાથે સાથે પુરી કૌમના લોકો તેના ગમમાં શરીક થશે અને તેના માટે રડશે. આ તો ઈમામ(અ.સ.)ની શહાદત છે કે જે પોતે બગદાદમાં હતા અને દસમાં ઈમામ(અ.સ.) અને તેમની માતા મદીનામાં હતા. હાય ઈમામ અલીનકી(અ.સ.) માત્ર ૬ વર્ષના હતા જયારે આપના વાલીદની શહાદત થઈ.

## હઝરત અલી(અ.સ.) અને જનાબે ફાતેમા(સ.અ.)ની શાદી

અલ્લામા મજલીસી(અ.ર.)એ લખ્યું છે કે જનાબે ફાતેમા(સ.અ.)ના નિકાહ માહે રમઝાનુલ મુબારકમાં થયા અને ત્યારબાદ આપની રૂખ્સતી પહેલી ઝીલ્હજના કરવામાં આવી.

જનાબે ફાતેમા(સ.અ.) અને મૌલા અલી(અ.સ.)ની શાદી એક આદર્શ નમુનો છે. જેમાં રિશ્તાની પસંદગીથી લઈને રૂખ્સતી અને લગ્નજીવન સુધીના બધા જ પહેલુ આપણા માટે નમુનએ અમલ છે. જનાબે ફાતેમા(સ.અ.) પવિત્ર પયગમ્બર(સ.અ.વ)ના ફક્ત એક જ અને ચહિતા દીકરી હતા અને આવી પાકદામન, બાઈમાન અને ખુશ અખ્લાક દુખ્તરે અઝીઝે પયગમ્બર(સ.અ.વ.) માટે સમાજના ઈઝઝતદાર અને દોલતમંદ વ્યક્તિઓ રસૂલ(સ.અ.વ) પાસે માંગણી કરતા અને જનાબે ફાતેમા(સ.અ.) માટે પોતાની ઈચ્છા રજુ કરતા પરંતુ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) જાણતા હતા કે નુરની શાદી નુરની સાથે જ થાય અને એટલે જ હઝરત અલી(અ.સ.) માટે કહેતા કે **'જો અલી(અ.સ.) ન હોતે તો જનાબે ફાતેમા(સ.અ.)ના બરોબર કોઈ ન હોત.'**

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ તમામ લોકોને બતાવ્યું કે **ઈસ્લામમાં શાદીની બુનિયાદ એટલે કે છોકરાની પસંદગીમાં તેના અખ્લાક અને દીનને પ્રભુત્વ આપી, ન કે માલ દૌલત.** મૌલા અલી(અ.સ.)ના દીન, પરહેઝગારી અને અખ્લાકી ફઝાએલને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ બેશુમાર દૌલતમંદો ઉપર મહત્વ આપ્યું અને માલી કમજોરીને ઐબ ન સમજયું.

જયારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ મૌલા અલી(અ.સ.) સાથે જનાબે ફાતેમા(અ.સ.)નો રિશ્તો નકકી કરી લીધો તો આપે મૌલા અલી(અ.સ.)ને પૂછયું કે ''અય અલી! શું મહેર માટે તમારી પાસે કંઈ છે?'' ત્યારે હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યું કે ''અય અલ્લાહના રસૂલ તમે મારી પરિસ્થિતિથી વાકેફ છો. મારી પાસે એક તલવાર, એક ઝીરહ અને એક ઘોડો છે.'' આથી હઝરત રસૂલ(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ''અય અલી તમારી ઝીરહને વેંચી દયો અને તેમાંથી મહેરને અદા કરો અને બીજી ઘરની જરૂરીયાતોને પુરી કરો.'' ઈસ્લામ શાદીમાં આસાનીઓ પૈદા કરવા ઈચ્છે છે. એટલે શાદીમાં તદ્દન ઓછો ખર્ચ થાય એટલે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)એ પોતાની દીકરીની મહેર તદ્દન ઓછી રાખી.

પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) ફરમાવે છે **"મારી ઉમ્મતની બહેતરીન સ્ત્રીઓ તે છે જેઓ દીનદાર અને ઓછી મહેર લેનારી હોય."** જનાબે ફાતેમા(સ.અ.)નું જહેઝ તે જમાનામાં ૬૩ દિરહમમાં આવી ગયું. જે તેમની મહેરમાંથી જ તૈયાર કરવામાં આવ્યું હતું અને પછી નિકાહની જાહેરાત માટે પવિત્ર પયગંબર(સ.અ.વ.) મસ્જિદમાં તશરીફ લાવ્યા. આપ(સ.અ.વ.)નો ચહેરો મુબારક ખુશીથી ચમકતો હતો અને પછી આપ(સ.અ.વ.) નિકાહનો ખુત્બો પડયા અને પછી તમામ લોકોએ દુઆ માટે હાથ ઊંચા કર્યા અને કહ્યું "ખુદા તમારા માટે આ નિકાહને મુબારક ફરમાવી દે અને બંને પતિ-પત્ની વચ્ચે મોહબ્બત પૈદા કરે." હઝરત અલી(અ.સ.) ઉભા થયા અને ફરમાવ્યું "હું ખુદાવંદે આલમનો તેની નેઅમતો ઉપર શુક્ર અદા કરૂં છું અને ગવાહી આપું છું તેના સિવાય કોઈ મઅબુદ નથી."

રૂખ્સતીના જશ્ન માટે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ મૌલા અલી(અ.સ.)ને ફરમાવ્યું કે "શાદીના મૌકા ઉપર રૂખ્સતી વખતે વલીમો આપવો જરૂરી છે. મને પસંદ છે કે મારી ઉમ્મત પોતાની શાદીઓના મૌકા ઉપર વલીમો આપે." તેથી વલીમા માટે એક ઘેટો લઈ આવ્યા અને ફરમાવ્યું કે "થોડુંક ઘી, ખજુર અને રોટીઓની તૈયારી કરો." પછી મૌલા અલી(અ.સ.)ને ફરમાવ્યું કે "તમે જેમને ચાહો તેમને જમવાની દાઅવત આપો. જમવામાં એટલી બરકત થઈ કે ખૂબજ મોટા સમુહે આ વલીમાનો લાભ લીધો."

**આવો! આપણે અલ્લાહ તઆલા પાસે જનાબે ફાતેમા(સ.અ.વ.) અને મૌલા અલી(અ.સ.)ના અઝીમ રિશ્તાનો વાસ્તો આપીએ કે અલ્લાહ દરેક જવાનો દિકરા-દીકરીઓને બહેતરીન જોડા બનાવે અને શાદીઓ રહેમત અને બરકતનું સબબ બને અને ઈમામ(અ.સ.)ના અન્સારો અને ખિદમત ગુઝારોમાં તેમનો શુમાર થાય.**

**અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com